**અમદાવાદ (ગ્રામ્ય) ના બીજાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. ૩૨૫૪/૨૦૧૯
આંક:-

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : સંજય ઉર્ફે રાહુલ રાજેશકુમાર પંડીત

**ગુનો : બોમ્બે પ્રોહી. એકટની કલમ.૬૬(૧)બી,૮૫(૧)(૩) મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **બોમ્બે પ્રોહી. એકટની કલમ.૬૬(૧)બી, ૮૫(૧)(૩)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓએ ગુન્હા અંગે આંક -૧ લગત ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે **બોમ્બે પ્રોહી. એકટની કલમ.૬૬(૧)બી,૮૫(૧)(૩) મુજબ**ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી. એકટની કલમ. ૬૬(૧)બી, ૮૫(૧)(૩) મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂા.૧૦૦/-** પુરા (અંકે રૂપિયા સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ **કુલ રૂા. ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા)** દંડ ભરવો. અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૨ મી, માહે: માર્ચ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨
*અમદાવાદ*

(ટી.એ.ભાડજા)
*બીજા એડી.જયુ.મેજી.ફ.ક. જજ,*
*અમદાવાદ ગ્રામ્ય*
*યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૯૯*

**C .C. NO- 3254/2019**

**//આંક–૧ લગત હુકમ//**

આ કામે આરોપી ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૮૫(૧)(૩) હેઠળ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પોલીસ પેપર્સ, ચાર્જશીટ અને પંચોના નિવેદન વંચાણે લેવામાં આવ્યા છે. તેમજ સંશોધીત કલમ ૮૫ ને રીફર કરવામાં આવેલ છે.

કલમ ૮૫ મુજબનો ગુનો:– જે કોઇ વ્યક્તિ, જેમાં લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઇ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

કલમ ૮૫ માં જે શબ્દ લખવામાં આવ્યા છે. તે છે :– દારૂ પીને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તે જણાય છે.

કલમ ૮૫ ના આવશ્યક તત્વો જોતા આ પ્રતીત થાય છે કે જ્યારે આરોપી દારૂ પીને :– ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઇ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય તો જ કલમ ૮૫ હેઠળ આરોપી સામે કાર્યવાહી ચાલી શકે છે.

આ કામે પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામું, સાહેદના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ ગુનો કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે કલમ ૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરવાનું જણાઇ આવે છે. જે ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનું આ અદાલતનો અભિપ્રાય છે.

જેથી આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી એક્ટની કલમ ૮૫ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ જણાઇ આવતો ન હોય આરોપી વિરુધ્ધ ૮૫(૧)(૩) ને બદલે પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબ આગળની ઇન્સાફી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૦/03/૨૦૨૨
અમદાવાદ.

બીજા એડી. સીવીલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રા), મીરઝાપુર